# આસપાસ ચોપાસ




# રોલા




## આખું ગામ પાકા રસ્તાથી સજ્જ છે

ગ્રામજનોના સહકારને કારણે રોલા ગામ ધીમે ધીમે પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે. ગામના વિકાસ પાછળ ગ્રામજનોનો સહકાર પણ રહ્યો છે. વલસાડ તાલુકાના કુદરતી સૌંદર્યથી ભરપૂર રોલા ગામે વિકાસનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આખા ગામમાં ક્યાંય પણ કાચા માર્ગો જોવા મળતા નથી, પરંતુ સમગ્ર ગામ મજબૂત અને પાકા માર્ગોથી સજ્જ છે. હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી છે, તેમ છતાં ગામના રસ્તાઓ સંપૂર્ણપણે અકબંધ અને સુરક્ષિત જોવા મળી રહ્યા છે. રોડ બનાવવાની કામગીરી અત્યંત પ્રામાણિકતા અને ઉચ્ચ ગુણવત્તા સાથે કરવામાં આવી હોવાથી, સામાન્ય રીતે વરસાદમાં થતી રસ્તાઓની ખરાબીથી ગ્રામજનોને મોટી રાહત મળી છે. ગુણવત્તાયુક્ત આ માર્ગોનો સીધો લાભ ગામના તમામ વયોવૃદ્ધ અને યુવાનોને મળી રહ્યો છે, જેનાથી ગામલોકોમાં ખુશીની લહેર છવાઈ છે.




## ગામની શાળાના તમામ બાળકોને પંચાયતે દત્તક લીધાં છે

રોલા ગામમાં એક શાળા છે. સેકન્ડરી સુધીની આ સ્કૂલમાં અભ્યાસ કરતા અનેક વિદ્યાર્થીઓને ગ્રામ પંચાયતે દત્તક લીધા છે. અહીં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની અભ્યાસને લગતી તમામ ચીજવસ્તુ જેમાં યુનિફોર્મથી લઈ સ્ટેશનરી સુધીનો તમામ ખર્ચ ગ્રામ પંચાયત દ્વારા થાય છે. હોદ્દેદારો પણ પોતાનું યોગદાન આપતા રહેતા હોય છે. જેના કારણે અભ્યાસ કરતા બાળકના પરિવાર પર અભ્યાસનો આર્થિક બોજ રહેતો નથી. તેમજ અભ્યાસમાં પણ તેમને ઉત્સાહ રહે છે. જેના થકી આ સ્કૂલમાં ભણેલા અનેક વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરી પોતાનું કેરિયર બનાવી શક્યા છે.



## રોલા ગામની અલગ ઓળખ ઊભી કરવી છે : પ્રિયંકા પટેલ, સરપંચ



વલસાડના રોલા ગામે છેલ્લા એક દાયકામાં સારી એવી પ્રગતિ કરી છે. રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ થકી આખું ગામ એક પરિવારની જેમ રહે છે. ગામમાં પરિવાર ની ભાવના જાગે એ માટે અનેક કાર્યક્રમો થાય છે. આગામી સમયમાં ગામનો શૈક્ષણિક તેમજ પ્રાકૃતિક વિકાસ થાય એવા પ્રયાસો હાથ ધરાઈ રહ્યા છે. ગામના તળાવ નો વિકાસ કરી પ્રવાસન સ્થળ વિકસાવવાનું પણ આયોજન ચાલી રહ્યું છે.



## વાડી, ખેતરો અને તળાવ કાંઠે જીવંત થતી ગ્રામીણ સંસ્કૃતિ

આજના ઝડપી શહેરીકરણના યુગમાં પણ રોલા ગામ પોતાની પ્રાકૃતિક ઓળખ અને અસલ ગામડાની સંસ્કૃતિ જાળવી રાખવામાં સફળ રહ્યું છે. વિકાસની હરણફાળ વચ્ચે પણ અહીં પ્રવેશો એટલે શાંતિ અને અદ્દલ દેશી ગ્રામીણ વાતાવરણની અનુભૂતિ થાય છે. ગામમાં ચારેતરફ લહેરાતી લીલીછમ વાડીઓ અને ખેતરો કુદરતી સૌંદર્ય અને કૃષિ સંસ્કૃતિની ઝાંખી કરાવે છે. ગામના તળાવ કિનારે દેશી અંદાજમાં કપડાં ધોતી મહિલાઓ અને ગ્રામ્ય જીવનશૈલી આજે પણ જીવંત જોવા મળે છે. ગામનો શાંત અને કુદરતી માહોલ શહેરી ઘોંઘાટ અને પ્રદૂષણથી દૂર, રોલાની સાદગી અને લોકજીવન લોકોને અસલ ભારતીય ગામડાંની યાદ અપાવે છે. આધુનિક યુગના બદલાવ વચ્ચે પણ રોલા ગામે પોતાની પરંપરાગત ધરોહર, પ્રાકૃતિક સુંદરતા અને ગ્રામીણ આત્માને અકબંધ રાખ્યો છે.

## આખું ગામ સીસીટીવી અને વાઇફાઇથી સજ્જ

વલસાડનાં અનેક ગામો સીસીટીવી કેમેરાથી સજ્જ છે, પરંતુ વાઈફાઈથી સજ્જ રહેતાં નથી, પરંતુ રોલા ગામ એવું છે કે, તે સીસીટીવી કેમેરાથી તો સજ્જ છે જ, પરંતુ સાથે સાથે વાઈફાઈથી પણ સજ્જ છે. જ્યાં જ્યાં બેઠકની જગ્યા છે. જ્યાં લોકો કે ગામના યુવાનો એકત્ર થતા હોય ત્યાં ત્યાં ગ્રામ પંચાયત દ્વારા વાઈફાઈની સુવિધા ઉપલબ્ધ કરાવી છે. જેનો વ્યાપક ફાયદો યુવાનોને થઇ રહ્યો છે. વાઈફાઈનો મોટો સદઉપયોગ તેમના અભ્યાસમાં પણ થઇ રહ્યો છે.

## રોલા ગામમાં બે પીએચ. ડી. ડોક્ટર પણ છે





કુદરતી સૌંદર્ય ધરાવતા રોલા ગામના લોકો અભ્યાસ પર પણ એટલો જ ભાર આપી રહ્યા છે. અહીંથી 6 મેડિકલ ડોક્ટર થયા છે. તો બે રહીશો પીએચ.ડી. થઈને ડોક્ટર બન્યા છે, જેમાં ગામના જય પટેલ અને પ્રિયાંક પટેલનો સમાવેશ થાય છે.




## પીવાના પાણી માટે ખાસ પરબ બનાવી છે

રોલા ગ્રામ પંચાયત દ્વારા અહીં પીવા માટે ગામની મધ્યમાં ખાસ ફિલ્ટરેશન પ્લાન્ટ સાથેની પરબ બનાવાઈ છે, જેમાંથી કોઈપણ ગ્રામજન પીવાનું પાણી લઈ જઈ શકે છે. પીવાના પાણી માટે કોઈએ પણ મુશ્કેલી વેઠવી પડતી નથી કે બહારથી પૈસા ખર્ચીને પીવાનું પાણી મંગાવવું પડતું નથી. ગામમાં પીવાના પાણીની આ જાહેર સુવિધા પણ લોકોને મોટો ફાયદો કરાવી રહી છે.

## સુવિધાઓ વચ્ચે કોમ્યુનિટી હોલની ઘટ: ગ્રામજનો માટે હોલ નિર્માણના સઘન પ્રયાસો શરૂ

વિકાસની દૃષ્ટિએ આગળ વધી રહેલા રોલા ગામમાં પાયાની અનેક સુવિધાઓ ઉપલબ્ધ હોવા છતાં, એક સુસજ્જ કોમ્યુનિટી હોલની લાંબા સમયથી પ્રવર્તતી ઘટ ગ્રામજનોને સાલી રહી છે. સામાજિક પ્રસંગો, મેળાવડા કે જાહેર કાર્યક્રમો માટે ગામમાં યોગ્ય જગ્યાના અભાવે લોકોને મુશ્કેલી વેઠવી પડે છે, જેને ધ્યાને રાખી હવે કોમ્યુનિટી હોલના નિર્માણ માટેના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ગામમાં કોમ્યુનિટી હોલ બનવાથી લગ્ન, ધાર્મિક ઉત્સવો અને સામાજિક કાર્યક્રમો એક જ સ્થળે સરળતાથી યોજી શકાશે. સ્થાનિક સ્તરે હોલ ઉપલબ્ધ થતાં સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોને બહાર મોંઘા ખાનગી હોલ ભાડે રાખવામાંથી મુક્તિ મળશે. ગામના આગેવાનો અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા વહીવટી સ્તરે મંજૂરી મેળવી વહેલી તકે હોલનું નિર્માણ કાર્ય શરૂ થાય તે દિશામાં સક્રિય રજૂઆતો અને પ્રયત્નો તેજ કરવામાં આવ્યા છે. ગામમાં તમામ વ્યવસ્થાઓ વચ્ચે કોમ્યુનિટી હોલનું સ્વપ્ન સાકાર થશે તો સમગ્ર ગામની એકતા અને સામાજિક ગતિવિધિઓને નવું બળ મળશે તેવી આશા ગ્રામજનો વ્યક્ત કરી રહ્યા છે.

## બસ સેવા ઉપલબ્ધ, રેલવે કનેક્ટિવિટી માટે ડુંગરી અને વલસાડ સ્ટેશન પર નિર્ભરતા

રોલા ગામમાં વાહનવ્યવહારની સ્થિતિ મિશ્ર જોવા મળી રહી છે. ગામમાં એસ.ટી. બસ સેવાની પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ હોવા છતાં, લાંબા અંતરની મુસાફરી તેમજ તાકીદના કામકાજ માટે ગ્રામજનોએ ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે. રોલા ગામ નજીક આવેલા ડુંગરી અને વલસાડ રેલવે સ્ટેશન દ્વારા ગ્રામજનો બહારગામ કે નોકરી-ધંધા અર્થે અવરજવર કરે છે. ગામમાં સરકારી બસ વ્યવસ્થા કાર્યરત છે, પરંતુ મર્યાદિત ફેરા કે સમયપત્રકના કારણે સ્થાનિક મુસાફરી માટે લોકોને રિક્ષા કે પોતાનાં ખાનગી વાહનો પર વધુ નિર્ભર રહેવું પડે છે. ગામમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ અને બસ ફેરામાં હજુ વધુ સુધારો થાય તો દૈનિક મુસાફરો, નોકરિયાતો અને વિદ્યાર્થીઓને મોટી રાહત મળી શકે તેમ છે.

## રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ બન્યું ગામની એકતા અને સેવાનું પ્રતીક, ચિંતન પટેલ અને જીનલ પટેલના નેતૃત્વમાં સેવાકીય કાર્યોની વણઝાર



સમગ્ર ગામને એકતાંતણે બાંધી સામાજિક એકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડવામાં 'રોલા ગ્રામ વિકાસ ટ્રસ્ટ' અગ્રેસર રહ્યું છે. ગામમાં કોઈપણ જરૂરિયાતમંદ વ્યક્તિની વહારે આવવું હોય કે ગામના હિતની વાત હોય, આ ટ્રસ્ટ હંમેશાં અડીખમ ઊભું રહે છે. તમામ સેવાકીય પ્રવૃત્તિઓનું સંચાલન ટ્રસ્ટના મુખ્ય કર્તાહર્તા ચિંતન પટેલ અને જીનલ પટેલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગામના હિત માટે સતત કાર્યરત રહેતી આ જોડી અને ટ્રસ્ટની કામગીરીને સમગ્ર ગ્રામજનો તરફથી ખૂબ બિરદાવવામાં આવી રહી છે.

* **આપત્તિ વ્યવસ્થાપન:** પૂર જેવી કુદરતી હોનારત સમયે અસરગ્રસ્ત પરિવારોને તાત્કાલિક સહાય અને રાશન પહોંચાડવાની કામગીરી.
* **આરોગ્ય સેવા:** દર્દીઓની સુવિધા અર્થે નિયમિત રક્તદાન શિબિર (બ્લડ ડોનેશન કેમ્પ)નું સફળ આયોજન.
* **સામાજિક અને રમતગમત:** ગામમાં ભાઈચારો અને ઉત્સાહ વધારવા માટે ક્રિકેટ ટુર્નામેન્ટ તેમજ દિવાળી જેવા તહેવારોની સામૂહિક ઉજવણી.

## ગામનાં અનેક સંતાનો બન્યાં તબીબ, વલસાડ પંથકને આપ્યો સમર્પિત 'ડોક્ટર પરિવાર'









શિક્ષણ અને વ્યાવસાયિક ક્ષેત્રે રોલા ગામે એક અનોખી અને પ્રેરણાદાયી સિદ્ધિ હાંસલ કરી છે.

આ નાના એવા ગામે આરોગ્ય ક્ષેત્રે ઉચ્ચ કારકિર્દી ઘડીને વલસાડ પંથકને એક પ્રતિષ્ઠિત અને સેવાભાવી 'ડોક્ટર પરિવાર'ની ભેટ આપી છે, જેમાં ડો.યોગીનીબેન રોલેકર, ડો.ગિરધર રોલેકર, ડો.ધ્વનિ રોલેકર, ડો.કેવિન પટેલ, ડો.હેત્વી પટેલ, ડો.દામિની પટેલ અને ડો.નિષ્ઠા પટેલનો સમાવેશ થાય છે. આ તમામે મેડિકલ ક્ષેત્રે ઉચ્ચ ડિગ્રી મેળવી ડોક્ટર બનીને ગામનું નામ રોશન કર્યું છે.


















(માહિતી સંકલન અને તસવીરઃ અપૂર્વ પારેખ, વલસાડ)